# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 18-06-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.

**************************************************

**1)** રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ મધ્યપ્રદેશની પાંચ દિવસની મુલાકાતે ઈન્દોર પહોંચ્યા.

**2)** અમેરિકા અને ઇરાન વચ્ચે 14 મુદ્દાના શાંતિકરાર પર હસ્તાક્ષર થતાં પશ્ચિમ એશિયામાં સંઘર્ષ વિરામ.

**3)** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ફ્રાંસના ટોચના ઉદ્યોગકારો સાથે બેઠકો યોજશે.

**4)** રાષ્ટ્રીય તપાસ એજન્સીએ પંજાબના અમૃતસરમાં લશ્કર-એ-તૈયબા સાથે સંકળાયેલા અંકુશ કપૂરના ઘરે દરોડા પડ્યા.

**5)** સંયુક્ત રાષ્ટ્રની ખાદ્ય એજન્સીઓએ વિશ્વના 13 પ્રદેશોમાં ભૂખમરાની સ્થિતિ વધુ વણસી શકે તેવી ચેતવણી આપી.

**6)** ફિફા વિશ્વ કપમાં કોલંબિયાએ ગ્રુપ K માં ઉઝબેકિસ્તાન સામે3 - 1થી જીત મેળવી.

..............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# DAY PREZ - MP/ODISHA VISIT (EARLY)

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે મધ્યપ્રદેશની પાંચ દિવસની મુલાકાતે ઇન્દોર પહોંચ્યા. દેવી અહલ્યાબાઈ હોલકર એરપોર્ટ પર ડૉ. મુખ્યમંત્રી મોહન યાદવ, રાજ્યપાલ મંગુભાઈ પટેલ અને અન્ય વરિષ્ઠ નેતાઓ અને અધિકારીઓએ તેમનું સ્વાગત કર્યું હતું. રાષ્ટ્રપતિ શ્રીમતી મુર્મુએ મધ્યપ્રદેશના બેતુલમાં આધ્યાત્મિક જાગૃતિ દ્વારા આદિવાસી સમાજના સશક્તિકરણ પરના કાર્યક્રમમાં સંબોધન કરતાં પ્રાકૃતિક ખેતી કરવા પર તેમણે ભાર મુક્યો હતો.

(BYTE: DRAUPADI MURMUM)

તેઓ આવતીકાલે આંતરરાષ્ટ્રીય સિકલ સેલ એનિમિયા દિવસ નિમિત્તે યોજાનારા કાર્યક્રમમાં હાજરી આપશે.

રાષ્ટ્રપતિ મુર્મુ 21 જૂને , જબલપુરમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં ભાગ લેશે. તેઓ મુખ્ય મહેમાન તરીકે રાણી દુર્ગાવતી યુનિવર્સિટીના 36મા દીક્ષાંત સમારોહમાં પણ હાજરી આપશે. બાદમાં , તેઓ નવી દિલ્હી પરત ફરતા પહેલા કુનો રાષ્ટ્રીય ઉદ્યાનની મુલાકાત લેશે.

# US IRAN PEACE DEAL

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને બંને દેશોનાં 14-મુદ્દાના શાંતિ કરાર પર વર્ચ્યુઅલી હસ્તાક્ષર કર્યા છે. આમાં હોર્મુઝ સામુદ્રધુનીને ફરીથી ખોલવાનો અને પ્રતિબંધો હટાવવા માટે 60-દિવસની વાટાઘાટો પ્રક્રિયા શરૂ કરવાનો સમાવેશ થાય છે.

14-મુદ્દાના કરારમાં લેબનોન સહિત લશ્કરી કાર્યવાહી તાત્કાલિક અને કાયમી રીતે બંધ કરવાનો અને 60 દિવસની અંદર અંતિમ કરાર પર વાટાઘાટો પૂર્ણ કરવાની પ્રતિબદ્ધતાનો સમાવેશ થાય છે. આ સમયગાળો પરસ્પર સંમતિથી પણ લંબાવી શકાય છે. સાંભળીએ આ અંગે એક એહવાલ

(BYTE: ANAND PATHAK 7.47)

# PM –PARIS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગઈકાલે રાત્રે ફ્રાન્સની રાજધાની પેરિસ પહોંચ્યા હતા. ભારતીય સમુદાય દ્વારા તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. શ્રી મોદી ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોન સાથે વિવાટેક-2026 કોન્ફરન્સમાં ભાગ લેશે. તેઓ ભારતની ટેકનોલોજીકલ પ્રગતિ અને નવીનતા વિશ્વ સમક્ષ રજૂ કરશે.

અગાઉ, G-7 સમિટ દરમિયાન , પ્રધાનમંત્રીએ વિશ્વ ના અનેક નેતાઓ સાથે મુલાકાત કરી હતી અને ગ્લોબલ સાઉથના મુદ્દાઓને મુખ્ય રીતે ઉઠાવ્યા હતા.

પેરિસમાં, પ્રધાનમંત્રી ભારતીય સમુદાય માટે એક ખાસ કાર્યક્રમને પણ સંબોધિત કરશે. પ્રધાનમંત્રીની આ મુલાકાત ભારત-ફ્રાન્સ સંબંધોને વધુ મજબૂત બનાવવાની અપેક્ષા છે.

# MODI ZELENSKI MEET

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ , જી-7 શિખર સંમેલન દરમિયાન યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કી સાથે મુલાકાત કરી આ મુલાકાત બાદ તેમણે . સોશિયલ મીડિયા પ્લેટફોર્મ'એક્સ' પર જણાવ્યું કે , બંને દેશો વચ્ચે તાજેતરમાં સહકાર અને પરસ્પર સંપર્કમાં સતત વધારો થયો છે , જે વિવિધ ક્ષેત્રોમાં ભાગીદારીના રૂપમાં દેખાઈ રહ્યો છે.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે, બેઠક દરમિયાન ભારત અને યુક્રેન વચ્ચેના દ્વિપક્ષીય સહકારના વિવિધ પાસાઓ પર વિસ્તૃત ચર્ચા થઈ બંને નેતાઓએ . આ બાબત પર સહમતિ વ્યક્ત કરી કે, વેપારી સંબંધોને યુદ્ધ પૂર્વ સ્તર સુધી-પુનઃસ્થાપિત કરવાની જરૂર છે, જેથી આર્થિક સહકારને ફરીથી મજબૂતી મળી શકે.

# RAJNATH-YIL FOUNDATION STONE

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આવતીકાલે નાગપુરના અંબાઝારી સ્થિત ઓર્ડનન્સ ફેક્ટરી ખાતે યંત્ર ઇન્ડિયા લિમિટેડના હજાર 10 ટન ક્ષમતાના એલ્યુમિનિયમ એક્સટ્રુઝન પ્રેસનો શિલાન્યાસ કરશે .પ્રસ્તાવિત એક્સટ્રુઝન પ્રેસ સંરક્ષણ ઉત્પાદન ક્ષેત્ર માટે મહત્વપૂર્ણ છે આ પ્રેસ સંરક્ષણ અને . અવકાશ ક્ષેત્રોની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે મોટા, ઉચ્ચ શક્તિવાળા- એલ્યુમિનિયમ એલોય એક્સટ્રુઝનનું ઉત્પાદન કરવાની ક્ષમતાને મજબૂત સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હત .બનાવશેું કે આ પ્રોજેક્ટ મહત્વપૂર્ણ એલ્યુમિનિયમ એક્સટ્રુડેડ ઘટકોની આયાત પર નિર્ભરતા ઘટાડવામાં મદદ કરશે અને આત્મનિર્ભર ભારતના વિઝન હેઠળ સ્વદેશી ઉત્પાદનને પ્રોત્સાહન આપશે.

# NAIDU-NOIDA FLIGHT

ચેન્નાઈથી ચામડાના સામાન અને ઓટો પાર્ટ્સ સહિત અનેક માલસામાન લઈને પ્રથમ કાર્ગો વિમાને નોઈડાના આંતરરાષ્ટ્રીય હવાઈ મથકે ઉતરાણ કર્યું નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ આ માહિતી આપતા . કહ્યું કે ચેન્નાઈ એરપોર્ટથી મેડ ઇન ઈન્ડિયા મોબાઇલ ફોન, ઓટો પાર્ટ્સ અને એસેસરીઝ રવાના કરવામાં આવ્યા હતા , જેનાથી સપ્લાય ચેઇન મજબૂત બની છે અને સ્થાનિક ઉદ્યોગો માટે નવી તકો ઊભી થઈ એરપોર્ટે બે દિવસ . .પહેલા વ્યાપારી કામગીરી શરૂ કરી હતી

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# PUNJAB NIA ACTION (FOR WEBSITE ALSO)

રાષ્ટ્રીય તપાસ એજન્સી NIA એ પંજાબના અમૃતસર માથી લશ્કર-એ-. તૈયબા સાથે સંકળાયેલા અંકુશ કપૂરના ઘરે દરોડા પડ્યા સરહદ પારના નાર્કો ટેરર નેટવર્ક કેસમાં સંડોવાયેલો- અંકુશ કપૂર ભારતમાં પાકિસ્તાન , ઇટાલી, ઓસ્ટ્રેલિયા, ઈરાન, થાઇલેન્ડ અને UAE સહિત અન્ય દેશોમાં ફેલાયેલા નાર્કો ગયા વર્ષે ધરપકડ . ટેરર નેટવર્કનો મુખ્ય ઓપરેટિવ છે- કરાયેલ અંકુશ માદક દ્રવ્યોની દાણચોરી , પરિવહન, સંગ્રહ અને વિતરણ સંબંધિત કાવતરાનો ખૂબ જ મહત્વપૂર્ણ ઓપરેટિવ હોવાનું જાણવા મળ્યું હતું .

માદક દ્રવ્યોની હેરાફેરીમાંથી મળેલી રકમનોઉપયોગ ભારતમાં આતંકવાદી પ્રવૃત્તિઓને નાણાં અને સમર્થન આપવા માટે થઈ રહ્યો હોવાનું તપાસ દરમિયાન જણાયું હતું.

# MADAVIYA- ARTICLE

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ જણાવ્યું કે છેલ્લા દાયકામાં , ભારતે શિક્ષણ , કૌશલ્ય, ઉદ્યોગસાહસિકતા, રમતગમત, આરોગ્ય અને નાગરિક ભાગીદારીમાં યુવાનો માટે સતત તકોનો વિસ્તાર કર્યો છે એક રાષ્ટ્રીય દૈનિકમાં પ્રકાશિત લેખમાં તેમણે દેશના . યુવાનોને અમૃત પેઢી તરીકે વર્ણવ્યા, જે 2047 સુધીમાં વિકસિત ભારત તરફની યાત્રાનું નેતૃત્વ કરશે વધુંમાં તેમણે ઉમેર્યું કે છેલ્લા .12 વર્ષોમાં યુવા શક્તિનો ઉપયોગ તકોનું સર્જન કરવા , આકાંક્ષાઓને પ્રોત્સાહન આપવા અને રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપવા માટે કરવામાં આવ્યો છે.

# CALCUTTA HC

કોલકાતા હાઈકોર્ટે આજે પશ્ચિમ બંગાળ વિધાનસભાના અધ્યક્ષ રથેન્દ્ર બોઝ દ્વારા તૃણમૂલ કોંગ્રેસના અલગ થયેલા ધારાસભ્ય ઋતાબ્રત બેનર્જીને વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા તરીકે નિયુક્ત કરવાના નિર્ણય પર કોઈપણ વચગાળાની રાહત આપવાનો ઇનકાર કર્યો હતો.

ટીએમસીના ધારાસભ્ય શોભનદેવ ચટ્ટોપાધ્યાય દ્વારા તેમના નામાંકન અને બેનર્જીની નિમણૂકને પડકારતી અરજીની સુનાવણી કરતા , ન્યાયાધીશ કૃષ્ણ રાવે સ્પીકરના નિર્ણય પર સ્ટે મૂકવાનો ઇનકાર કર્યો હતો. કોર્ટે પ્રતિવાદીઓને ત્રણ અઠવાડિયામાં તેમના સોગંદનામા દાખલ કરવાનો નિર્દેશ આપ્યો હતો , જ્યારે અરજદારને જવાબ દાખલ કરવા માટે બે વધારાના અઠવાડિયાનો સમય આપવામાં આવ્યો છે. આ મામલાની આગામી સુનાવણી 28 જુલાઈએ થશે.

# UN-GLOBAL-HUNGER

સંયુક્ત રાષ્ટ્રની ખાદ્ય એજન્સીઓએ આગામી મહિનાઓમાં વિશ્વના 13 પ્રદેશોમાં સંઘર્ષ, આબોહવા સંકટ અને ભંડોળના અભાવને પગલે ભૂખમરાની સ્થિતિ વધુ વણસી શકે તેવી ચેતવણી આપી છે.

સંયુક્ત રાષ્ટ્રના અહેવાલ મુજબ , લગભગ 26 કરોડ 60 લાખ લોકો પહેલાથી જ ગંભીર ખાદ્ય અસુરક્ષાનો સામનો કરી રહ્યા છે.
સુદાન, દક્ષિણ સુદાન, યમન અને પેલેસ્ટાઇન સૌથી વધુ પ્રભાવિત ક્ષેત્રોમાં સામેલ છે.

અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે ખાદ્ય સહાય માટે નાણાકીય ફાળવણીમાં ઘટાડો થયો છે , જેના કારણે પરિસ્થિતિ વધુ પડકારજનક બની છે.

# DAY FIFA WORLD CUP

ફિફા વિશ્વ કપમાં કોલંબિયાએ ગ્રુપ K માં ઉઝબેકિસ્તાન સામે 3-1 થી જીત મેળવી. જ્યારે ગ્રુપ L માં, ઘાનાએ પનામા સામે 1-0 થી વિજય મેળવ્યો. દરમિયાન , ઇંગ્લેન્ડે ક્રોએશિયા પર 4-2 થી વિજય સાથે તેમના અભિયાનની વિજયી શરૂઆત કરી.

આજે રાત્રે, ગ્રુપ A માં, ચેકિયા દક્ષિણ આફ્રિકા સામે રમશે જ્યારે અન્ય મુકાબલામાં મેક્સિકો દક્ષિણ કોરિયા સામે ટકરાશે.